**સુધારણાલક્ષી અને બિન સુધારણાલક્ષી સંસ્થાઓમાંથી છૂટા થતા અંતેવાસીઓને પુનઃસ્થાપન માટેની આર્થિક સહાય યોજના**

સહાયના દર સુધારવા બાબત.

ગુજરાત સરકાર.
સમાજ કલ્યાણ વિભાગ.
ઠરાવ ક્રમાંક : શશય/૧૦૯૦/૨૨૨૭/છ
સચિવાલય. ગાંધીનગર.
તારીખ : ૫/૩/૧૯૯૨

**વંચાણે લીધા :-**

(૧) મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક :- જીઆઈએ/૧૦૭૮/૭૧૪૯૪/છ તા. ૩/૭/૭૮.

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીઆઈએ/ /૧૦૮૧/૨૨૬૦૭/છ તા. ૨૮-૧૨-'૮૧.

(૩) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:-શશય/૧૦૮૬/ન-૩૧/છ. તા. ૧/૭/૮૭

(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૭/૮/૯૧ નો ઠરાવ ક્રમાંક:શશય/૧૦૯૦/૨૨૨૭/છ

**ઠરાવ :-**

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની સુધારણાલક્ષી અને બિન સુધારણાલક્ષી સંસ્થાઓમાંથી છૂટા થતા અંતેવાસીઓના પુનઃસ્થાપન માટે આર્થિક સહાયની યોજના સને ૧૯૬૬ થી અમલમાં છે. આ યોજના હેઠળ સંસ્થાઓના અંતેવાસીઓને પુનઃસ્થાપન માટે ચૂકવવાની સહાયની રકમ નિયત કરવાના હુકમો આમુખમાં દર્શાવેલ ક્રમાંક (૨) (૩) તથા (૪) આગળના ઠરાવથી કરવામાં આવેલ છે. સદરહુ સહાયની રકમ તા. ૨૭/૮/૯૧ના ઠરાવથી સમાજ સુરક્ષા ખાતા હેઠળની સુધારણાલક્ષી અને બિન સુધારણાલક્ષી સંસ્થાઓમાંથી છૂટા થતાં અંતેવાસીઓનાં પુનઃસ્થાપન માટેના દરમાં વધારો કરીને અનાથ બાળાઓને લગ્ન દ્વારા પુનઃસ્થાપન માટેના દરમાં વધારો કરીને અનાથ બાળાઓને લગ્ન દ્વારા પુનઃસ્થાપન પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- (રૂા. ૫૦૦૦ રોકડા અને રૂા. ૫,૦૦૦/-ના નેશનલ સેવિંગ સર્ટીફિકેટ) અને પુરુષ અંતેવાસી માટે રૂા. ૩૦૦૦/- (રૂા. ૧૦૦૦/- રોકડમાં અને રૂા. ૨૦૦૦/-ના નેશનલ સેવિંગ સર્ટીફિકેટ) પ્રમાણે સહાય ચુકવવા ઠરાવવામાં આવેલ છે.

૨/- સુધારણાલક્ષી અને બિનસુધારણાલક્ષી સંસ્થાઓમાંથી છૂટા થતાં પુરુષ અંતેવાસીઓને પુનઃસ્થાપન માટે ચૂકવવામાં આવતી સહાયની રકમ પુરેપુરા રોકડમાં ચૂકવણી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી જે અંગે પૂરતી વિચારણાને અંતે સુધારણાલક્ષી અને બિનસુધારણાલક્ષી સંસ્થાઓમાંથી છૂટા થતા અંતેવાસીઓને પુનઃસ્થાપન માટેની આર્થિક સહાયની રકમ પૂરેપૂરી રૂા. ૩૦૦૦/- રોકડમાં ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

...૨....

૩/- આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર માંગણી ક્રમાંક-૮૮, મુખ્ય સદર-૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ ૮૦૨-સમાજ કલ્યાણ-૧૦૪-એસસીડબલ્યુ-૨૫-સુધારણાલક્ષી અને બિજા સુધારણાલક્ષી સંસ્થાઓમાંથી મુકત કરાયેલા વ્યકિતઓની અનુસંભાળ અને પુનઃસ્થાપનનો કાર્યક્રમ-અનાથોને શિષ્યવૃત્તિ (પ્લાન) સદર હેઠળ ઉધારવાનું નવા તથા ચાલુ વર્ષ ૧૯૯૧-૯૨ ના અંદાજપત્રમાં નવી બાબત હેઠળ મેળવવામાં આવેલ રૂા.૨.૫૦ લાખના જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૪/- આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંક-શશય/૧૦૯૦/ન-૪/છ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૨૬/૨/૯૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

જી.બી.પટેલ.
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
મા.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મા.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
મા.મંત્રીશ્રી (સ.ક.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
મા.મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી (સ.ક.)ના અંગત સચિવશ્રી,
સર્વે મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રીઓ.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગુ.રા.અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર/નાણાં સલાહકારશ્રી (સમાજ કલ્યાણ)
વિભાગમા સર્વે અધિકારીશ્રીઓ
માહિતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર/
(પ્રસિદ્ધિ આપવાની વિનંતી સાથે)
વિભાગની સર્વે શાખાઓ.
પસંદગી ફાઈલ.
મદદનીશ પસંદગી ફાઈલ.